
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હે દેવ... આ વખતે જોરજોરથી માઈક નહી વગાડીએ, પાઉભાજીની જગ્યાએ લાડુનો જ પ્રસાદ ધરાવીશું, જોડકણાં ગાઈને તમારી સ્તુતીની જગ્યાએ શાસ્ત્રોક્ત વિધિ કરીશું... પણ બાપા પેટ્રોલના ભાવ ઘટાડજો...!!

# ધારીસણા રોડ પરથી દારૂ-બિયરનો જથ્થો ભરીને જતી ઈકો સ્પોર્ટ ગાડી પકડાઈ

### રખિયાલ પોલીસે બાતમીના આધારે ગાડી સાથે બે રાજસ્થાની શખ્સોને પકડયા : ૪.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા ધારીસણા રોડ પરથી વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરીને એક ઈકો સ્પોર્ટ ગાડી પસાર થવાની હોવાની બાતમીના આધારે રખિયાલ પોલીસની ટીમે વોચ ગોઠવી દીધી હતી. બાતમી વાળી ગાડી ત્યાંથી પસાર થતા ગાડી ને પકડી તપાસ કરતા અંદરથી વિદેશી દારૂ બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. રખિયાલ પોલીસે સવા ચાર લાખ રૂપિયાની કિંમતનો મુદામાલ જપ્ત કરી રાજસ્થાનના ઉદેપુર વિસ્તારના બે બુટલેગરોની ધરપકડ કરી આ માલ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતનુ સઘન ઈન્ટ્રોગેશન શરૂ કરવામાં આવ્યું છે.



ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક કે એફ બળોલીયાની સૂચનાથી જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નેસ્ત નાબુદ કરવા પોલીસ અધિકારીઓ સક્રિય છે ત્યારે રખિયાલ પોલીસ મથકના પી.એસ.આઇ વી.બી.દેસાઈની ટીમે પણ દારૂની હેરાફેરી અને જુગારના અડ્ડાઓ શરુ ન થઈ જાય તે માટે ખાસ વોચ રાખી પોતાના બાતમીદારો સક્રિય કરી દીધા છે. દરમિયાન આજે સવારે બાતમી મળી હતી કે ધારીસણા ગામના રોડ થી ફોર્ડ કંપનીની ઈકો સ્પોર્ટ ગાડી નં.જીજે ૨૭ એએ ૧૪૯૬ માં વિદેશી દારૂ બિયરના જથ્થાની હેરાફેરી થવાની છે. આ બાતમીના આધારે રખિયાલ પોલીસની ટીમે ધારીસણા ગામમાં વોચ ગોઠવી બાતમીવાળી ગાડી પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૨૧૨ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૩૫૨ નંગ બીયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. ગાડીમાં દારૂ ભરીને જઈ રહેલા રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના સલમ્બર તાલુકાના જૈન મહોલ્લામાં રહેતા શંકર નારણ જોશી અને દિપક લલિત જોશી મળીને બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. રખિયાલ પોલીસે સવા લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો તથા ગાડી અને એક મોબાઈલ મળી કુલ રૂ.૪,૨૭,૩૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બંને રાજસ્થાની શખ્સોની ધરપકડ કરી આ માલ કોના કહેવાથી ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે અંગે સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે.



## એકટીવા પર બિયર ભરેલો થેલો લઈને જતા બે ઝડપાયા

ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ પી.બી રમલાવત તેમની ટીમ સાથે ચંદ્રાલા નાકા પોઈન્ટ ઉપર મોડી રાત્રે વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે રાત્રે સવા એક વાગ્યાના અરસામાં એક્ટિવા લઈને નિકળેલા બે યુવાનો પાસેથી બિયરનો જથ્થો મળી આવ્યો હતો. અમદાવાદના સાણંદ વિસ્તારમાં રહેતા કુલદીપ રાજેન્દ્રસિંહ સોલંકી અને સંજય કસરસિંહ પરમાર નામના બંને શખ્સો એકટીવા લઈને ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસેથી નીકળ્યા હતા ત્યારે વાહન ચેકિંગ કરી રહેલી પોલીસે તેમનું એકટીવા ઊભી રખાવી ચેકિંગ કરતા એક થેલો મળી આવ્યો હતો. આ થેલામાંથી બે પેટી બીયરના ટીન એટલે કે ૪૮ નંગ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૪૮ બિયર જપ્ત કરી આરોપીઓના બંને મોબાઈલ અને એકટીવા કબજે લઈ કુલ રૂ.૩૮,૮૦૦ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચિલોડા પોલીસે બિયર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી બંને યુવાનોની ધરપકડ કરી તેઓ કોના માટે કામ કરતા હતા તે સહિતની પૂછપરછ શરૂ કરી છે.

# ચાર મહિનાથી નાસતો-ફરતો સે-૨૮નો બુટલેગર ઝડપાયો

ગાંધીનગર એલસીબી પી.આઈ તરલ ભટ્ટની ટીમ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સક્રિય થઈ છે ત્યારે આજે તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમીના આધારે એક નાસતા-ફરતા બુટલેગરને પકડી પાડ્યો છે. સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ચારેક મહિના પહેલા સે-૨૮ ચરેડી છાપરા, વોટર ટેંકની બાજુમાં રહેતા ફૈઝલ શેરખાન પઠાણ સામે વિદેશી દારૂની હેરાફેરી મામલે ગુનો દાખલ થયો હતો. ૨૪ મેના રોજ એલસીબી દ્વારા આ બુટલેગરનો દારૂનો જથ્થો તથા એક એક્ટિવા અને એક ફોર્ડ આઈકોન ગાડી સહિતનું સવા લાખની કિંમતનો જથ્થો પકડી પાડયો હતો. સેક્ટર-૨૧ પોલીસ મથકમાં નોંધાયેલાં ગુના પ્રકરણમાં ચરેડીનો આ બુટલેગર નાસતો ફરતો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે આજે આ નાસતા-ફરતા બુટલેગરને ચરેડી છાપરામાંથી પકડી પાડયો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેને સેક્ટર-૨૧ પોલીસને સોંપવા કવાયત શરૂ કરી છે.




## વિજયભાઈ રૂપાણીના જૈન-જૈનેતર નાગરિકોને ‘મિચ્છામી દુક્કડમ’

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જૈન અને જૈનેતર નાગરિક ભાઈ-બહેનોને સંવત્સરી પર્વ પ્રસંગે ‘મિચ્છામી દુકકડમ’ પાઠવ્યા છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ પર્યુષણ મહાપર્વને ક્ષમાપના અને ઉપકાર સ્મરણ પર્વ ગણાવતાં જણાવ્યું છે કે ક્ષમા, કરૂણા અને જીવદયાના ભગવાન મહાવીરના સિધ્ધાંતોને આત્મસાત કરનારૂં પર્યૂષણ પર્વ, સામાજીક સમરસતા અને માનવતાની શકિતઓને વધુ પ્રગાઢ બનાવશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અને દેશ-વિદેશમાં વસતા સૌ જૈન પરિવારોને સંવત્સરી પર્વની શુભેચ્છાઓ સાથે મિચ્છામી દુક્કડમ પણ પાઠવ્યા છે.

# એક વર્ષથી નાસતો ફરતો બુટલેગર રણાસણ સર્કલથી પકડાયો

### ગીરવે લીધેલી ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો હતો : એક વર્ષ પહેલાં પોલીસને વાહન ચેકિંગ કરતા જોઈને આ બુટલેગર દારૂ ભરેલી ગાડી મૂકી ભાગી ગયો હતો

ગાંધીનગર, તા. ૧૨

ચિલોડા પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૧૭ના પ્રોહિબિશનના ગુનામાં નાસતો-ફરતો અમદાવાદ સરદારનગર વિસ્તારનો બુટલેગર આખરે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. એકાદ વર્ષથી નાસતો ફરતો આ બુટલેગર રણાસણ સર્કલ નજીક થી પસાર થવાનો હોવાની માહિતીને આધારે ગાંધીનગર એસીબીની ટીમે વોચ ગોઠવીને આ બુટલેગરને દબોચી લીધો છે. એક વર્ષ પહેલા ચિલોડા પોલીસ વાહન ચેકિંગમાં હતી ત્યારે પોલીસને જોઈને આ બુટલેગર દારૂની હેરાફેરી વખતે દારૂ ભરેલી ગાડી મૂકી ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો અને ચિલોડા પોલીસે બિનવારસી દારૂ ભરેલી ગાડી પકડી હતી. એલસીબીની ટીમે આ બુટલેગરની ધરપકડ કરી ચિલોડા પોલીસને સોંપવા કવાયત શરૂ કરી છે.




ગાંધીનગર એલસીબી પીઆઇ જે.ડી પુરોહિતની સૂચનાથી તેમની ટીમના પીએસઆઇ એચ કે સોલંકી તેમના સ્ટાફ સાથે નાસતા ફરતા આરોપીઓ પકડવા સક્રિય છે ત્યારે ગઈકાલે સરઢવ રોડ પરથી એક અપહરણ અને બળાત્કારના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો હતો અને તે ઉપરાંત બીજો એક નાસતો ફરતો બુટલેગર પણ રણાસણ સર્કલ પાસેથી પકડી પાડયો હતો. ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે વોચ ગોઠવી રણાસણ સર્કલ પાસેથી અમદાવાદના સરદાનગર વિસ્તારમાં જવાહર કોલોનીમાં રહેતા બુટલેગર સુધીર રાજકિશોર દીક્ષિતને દબોચી લીધો હતો. બુટલેગર સુધીર દીક્ષિત વિરુદ્ધમાં વર્ષ ૨૦૧૭ માં ચિલોડા પોલીસ મથકમાં પ્રોહિબિશનનો ગુનો દાખલ થયો હતો. તે બનાવની હકીકત એવી હતી કે સુધીરે પોતાના મિત્રની આઈ ૨૦ ગાડી ગીરવે લીધી હતી અને આ ગાડી તે પોતાના અન્ય સાગરીતો સાથે મળી બીજા રાજ્યોમાંથી વિદેશી દારૂનો જથ્થો મંગાવી આ ગાડીનો ઉપયોગ કરી દારૂની હેરાફેરી કરતો હતો. ગયા વર્ષે સુધીર આ ગાડી લઈને વિદેશી દારૂના જથ્થા સાથે પસાર થઈ રહ્યો હતો ત્યારે ચિલોડા ખાતે પોલીસ દ્વારા વાહન ચેકિંગ સઘન ચાલી રહ્યું હોવાનું દેખાતા સુધીરે દારૂ ભરેલી ગાડી ત્યાં મૂકી દીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ચુડા પોલીસ મથકમાં ગુનો દાખલ થયેલો હતો અને તેમાં તપાસ દરમિયાન સુધીરનું નામ ખૂલ્યું હતું તેમ છતાં આજ દિન સુધી તે નાસતો ફરતો હતો. એલસીબીની ટીમે બુટલેગર સુધીર દીક્ષિતની ધરપકડ કરી ચિલોડા પોલીસને આરોપી સોંપવા તજવીજ શરૂ કરી છે.

# સે-૮ એકતા ચોક ઉત્સવ સમિતિના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૮ સ્થિત એકતા ચોક ઉત્સવ સમિતિની સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં આગામી નવરાત્રી મહોત્સવ તથા વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ઉત્સવો માટે નવા હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે વિરેન્દ્ર ધીરજલાલ જાદવ, ઉપપ્રમુખ તરીકે સંજયભાઈ ચંદ્રવદનભાઈ રાવલ, પૃથ્વી ભાઈ વાઘેલા, મહામંત્રી તરીકે સંદીપભાઈ પીઠડીયા, ખજાનચી તરીકે કુમારભાઈ.આર.જોશી, સંગઠન મંત્રી તરીકે ભગવાનભાઈ એસ.પટેલ, મુકેશભાઈ એ.ચૌહાણ, તેમજ સહમંત્રી તરીકે દશરથભાઈ એમ.દરજી અને ફિરોઝ ભાઈ કે.મનસુરીનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત કારોબારી સમિતીમાં પણ સભ્યોની વરણી સર્વાનુમતે કરાઈ છે.



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૩ અને ૪ નો આજે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૬૧૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન, ગાંધીનગર મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા કાઉન્સીલરો અને મનપાના કમિશ્નર એસ.એલ. અમરાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પર્વાધિરાજ પર્યુષણ પર્વે તપસ્વીઓના તપધાન

### શહેરમાં ૨૬ જેટલાં તપસ્વીઓએ ૮ દિવસથી માંડીને ૩૬ દિવસના ઉપવાસ કર્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં ચાલી રહેલા શ્વેતાંબર જૈન પરંપરાના પર્યુષણ પર્વમાં કુલ ૨૬ જેટલાં તપસ્વીઓએ વિવિધ તપ કર્યા છે જેમાં એક મહિલા શ્રાવકે ૩૬ ઉપવાસનું સિદ્ધિ તપ ઉપરાંત ૨ ભાવિકોના ૧૬ ઉપવાસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨૨ તપસ્વીઓએ અઠ્ઠઈ તપ આરાધના કરેલ છે. શહેરના સેક્ટર-૨૨ સ્થિત જૈન દેરાસર ખાતે પર્વાધિરાજ પર્યુષણ પર્વને અનુલક્ષીને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે તેમજ દરરોજ પ્રભુજીની નયનરમ્ય આંગી રચના કરવામાં આવી રહી છે. મુનિરાજ પૂ. વિશ્વ રક્ષિત વિજયજી મહારાજ સાહેબના આશિર્વચન હેઠળ જૈન સંઘ દ્વારા તા. ૧૪મી સપ્ટેમ્બર શુક્રવારે તપસ્વીઓના સામૂહિક પારણાનું પણ આયોજન કરાયું છે.



લતાબેન ચિનુભાઈ શાહ
સિદ્ધિતપ સહિત ૩૬ ઉપવાસ
ઉં.વ. ૭૨, સેક્ટર - ૭-એ



મોક્ષ મૌલિક શાહ
આઠ ઉપવાસ (અઠ્ઠઈ)
ઉં.વ.૧૨



રિતુ સમીરભાઈ શાહ
સે. ૧૩



હેત્વી શાહ
ઉં.વ. ૧૬



સ્મિત શૈલેષ શાહ
સે. ૨૨



મિલોની શાહ
ઉં.વ. ૨૧



શ્રેયાંસ એન. શાહ
ઉં.વ. ૧૬



છાયા હરેશકુમાર પંચાલ



કિરણકુમાર

# જીવ દયા ધર્મ જ સાચો સદાચાર આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૧૨

જીવ દયા જ સંસારનો સૌથી મહાન ધર્મ છે. એનો મહત્વ સમજાવતા આચાર્યશ્રી સુનીલ સાગરજી મહારાજે કહ્યું કે જૈન અને ભારતીય સંસ્કૃતિમાં એવા ઘણા મહાનુભાવો થયા છે જેને જીવદયાનો મહિમા બતાવ્યો. પ્રભુ મહાવીરએ દુનિયાને અહિંસાનોં સંદેશ દુનિયાને આપ્યો, ભગવાન પાર્શ્વનાથે નાગ-નાગિની ઉપર દયા બતાવી, હરિવંશના શ્રીકૃષ્ણજીના ચચેરાભાઈ પ્રભુ નેમિનાથજીએ એ જાણ થતા કે આ ચીત્કાર કરતા બાંધેલા પશુઓનો ઉપયોગ જાનમાં આવેલા અમુક લોકોના ભોજન માટે કરવામાં આવશે તેઓ તોરણ પર પહોંચતા પહેલા વૈરાગ્ય ધારણ કરી ગિરનારના ડૂંગરા પગથિયા ચઢી ગયા. યોગીશ્રીકૃષ્ણજીએ પણ પશુઓ પ્રત્યે બહુ પ્રેમ બાતવતા હતા તેઓ હમેશ ગાયો વચ્ચે જ જોવા મળતા હતા અને તેમાં શોભતા પણ હતા. આજે જે લોકો મન્નત પૂરી કરવા માટે પશુ બલિ કરે છે અથવા અમુક પાખંડિઓ પોતાના સ્વાર્થની ખાતર આવી પશુબલિ કરાવે છે તે પાપી છે. કેમ કે કઈ માતા કે દેવતા પોતાની સંતતિ કે સંતાન સ્વરૂપ અબોલા પશુની હત્યાથી ખુશ થશે? ખરેખર બલિનો સાચો અર્થ છે- પોતાની પ્રિય વ શ્રેષ્ઠ વસ્તુનો સંપૂર્ણ સમર્પણ. એના માટે કોઈને કોઈ પણ પ્રાણીના પ્રાણ હરણ કરવાનો અધિકાર નથી. પશુબલિ મિથ્યા છે ધર્મ નહિં. ધર્મ તો આત્માથી ઉપજે છે જેમાં સહજતા અને નિર્મળતા અને સાત્વિકતા છે.



ગુરુદેવે વ્યાપાર, આજીવિકા પ્રવૃત્તિઓમાં જીવદયાનો વિચાર ન કરનારાઓ માટે કહ્યું કે અનીતિથી ગમે તેટલો કમાવી લઈએ પણ તેમાંથી ક્યારેય કશું જ સાર નિપજતો નથી. આ લોકમાં તેની ખોટી કમાણી હોસ્પીટલ એ અન્ય જગ્યાએ નાશ પામતી હોય છે અને એનાથી તેનો પરભવ તો બગડે જ છે. ઘણી વખત લોકો પોતે હિંસા કરતા નથી પણ બીજીના માધ્યમથી પશુબલિ જેવી ઘૃણિત પ્રવૃત્તિઓ કરાવતા હોય કે અનુમોદના કરતા હોય છે તે પણ ઘોર પાપ છે. પર્યુષણપર્વ દરમ્યાન સૌ લોકો અહિંસા ધર્મનો પાલન કરશે, અશુદ્ધ વસ્તુઓનો ત્યાગ કરી મનના વિકારો ઓછા કરશે એવી મંગલકામના. પ્રવચનના આરંભમાં મુનિશ્રી સર્વાર્થ સાગરજીએ કહ્યું કે જૈનકુળમાં જન્મ લેવાથી કોઈ જૈન થઈ જતું નથી પણ એના માટે ગુરુસેવા અને અણુવ્રતોનું પાલન જરૂરી છે.

# આજે ટાઉનહોલ ખાતે સરિતા ગાયકવાડનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની વિશ્વ આદિવાસી અધિકાર દિવસ ઉજવણી સમિતિ દ્વારા તા. ૧૩મી સપ્ટેમ્બરે સેકટર-૧૭માં ટાઉનહોલ ખાતે વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી કરાશે. આ પ્રસંગે તાજેતરમાં ઈન્ડોનેશિયા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સમાં 4x400 મીટર રીલે દોડમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવનાર ટીમની ગુજરાતી ખેલાડી તથા આદિવાસી સમાજની દિકરી ગોલ્ડન ગર્લ સરિતા લક્ષ્મણભાઈ ગાયકવાડનું સન્માન કરાશે. આ પ્રસંગે આદિવાસી સમાજના નાગરિકોને પરિવાર સહિત ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ અપાયું છે.

## નર્સિંગ કોલેજ ખાતે હોલિસ્ટિક ડેવલપમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગરના સે. ૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે હોલિસ્ટિક ડેવલપમેન્ટ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં મોટિવેશનલ વક્તા આફતાબ અઝીમે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. આ સાથે તેમણે વિદ્યાર્થીઓને કેવી રીતે અભ્યાસ કરવો અંગે તેમજ યાદશક્તિ વધારવા વિવિધ ટેકનિકનો પ્રયોગ દ્વારા સમજ પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય રાજેશ રાવલ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર. જે. વ્યાસ તથા તમામ કર્મચારી ગણ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસનો સાબરમતી જેલની મહિલા કેદીઓ માટે મોટિવેશન કાર્યક્રમ

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર ક્લબ દ્વારા તા. ૮-૯-૧૮, શનિવારના રોજ સાબરમતી મહિલા જેલમાં બંદિવાન મહિલા કેદીઓ માટે મોટીવેશન સેમિનાર તથા બાળકો અને મહિલાઓને કીટ વિતરણનો કાર્યક્રમ દ્વારા નેશનલ ચેરમેન હિતેશભાઈ પંડ્યાના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાબરમતી મહિલા જેલના ઈન્ચાર્જ ગીતાબેન અને પુષ્પાબેન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શિલ્પા દેસાઈ, સેક્રેટરી રેખાબેન પંડિત, ટ્રેઝરર રશ્મિ ગૌડલિયા, પ્રોજેક્ટ કોર્ડીનેટર દેવાનશી ઠાકર હાજર રહ્યા હતા. કાર્યક્રમના સ્પોન્સરશીપ વીણા રાવલ તથા મનીષા ગોસ્વામીએ આપી હતી.

સંસ્થાના પ્રમુખે મહિલા કેદીઓને મોટીવેશન સ્પીચમાં કહ્યું હતું કે કોઈ પણ ગુનો તમારી આસપાસના ખરાબ સંજોગોને કારણે થતો હોય છે. ખરાબ પરિસ્થિતિમાં મનુષ્યએ પોતાના ક્રોધ ઉપર કાબુ રાખવો જોઈએ. કોઈ દ્વારા જો સતત ટોર્ચરીંગ કે હેરાનગતી કરવામાં આવી રહી હોય તો કાનૂનને હાથમાં ન લેતા તે વ્યક્તિને સમજાવટથી સુધારવી જોઈએ અને ન મસજે તો પોલીસની મદદ લેવી જોઈએ. દરેક વ્યક્તિએ બીજાને નડવાનું છોડી પોતે પણ શાંતીથી જીવવુ જોઈએ અને બીજાને પણ શાંતી તથા ખુશીથી રહેવા દેવા જોઈએ.